# આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આકૃયુ, દે’બારીયા ખાતે આદિજાતી વિસ્તાર પેટા યોજના-અંતર્ગત દાહોદના સૌજન્યથી પશુપાલન શાખા, તાલુકા પંચાયત-દેવગઢ બારીયા દ્વારા “રોજગારલક્ષી પશુપાલન અંગેની તાલીમ” યોજાઇ

આદિજાતી વિસ્તાર પેટા યોજના-અંતર્ગત દાહોદના સૌજન્યથી, પશુપાલન શાખા, તાલુકા પંચાયત-દેવગઢ બારીયા દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા ખાતે તારીખ ૮/૦૧/૨૦૨૦ ના રોજ “રોજગારલક્ષી પશુપાલન અંગેની તાલીમ”” આપવામા આવી. જેમાં દાહોદ જીલ્લાના દેવગઢ બારિયા તાલુકાના સેવાનીયા, ઝાપટિયા, પાંચિયાસાલ, રૂપારેલ અને ફૂલપુરા ગામના પશુપાલક ભાઇઓએ ભાગ લીધેલ હતો.

ડૉ. જી. જે. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન –વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયાએ સામાજીક અને આર્થિક વિકાસના માળખામાં પશુધન ખૂબજ મહત્વનો ભાગ ભજવે છે જેથી પશુપાલનને એક વ્યવસાય તરીકેનો અભિગમ અપનાવી, પશુપાલનમાં વૈજ્ઞાનિક પદ્ધતીઓને કુશળપુર્વક ઉપયોગ દ્વારા પોતાની આર્થિક ઉન્નતી થાય તેવા શુભાશયથી, પશુપાલક ભાઇઓનો ઉત્સાહ વધારેલ હતો. ડૉ. જી. જે. પટેલએ પશુપાલકોને પશુઆહાર અંગેના સંશોધનોનો ઉપયોગ કરી ઓછા ખર્ચ સારી ગુણવત્તા સાથે વધુ ઉત્પાદન મેળવવા પશુઆહારમાં લીલા ઘાસચારાનું મહત્વ અને વૈજ્ઞાનિક પદ્ધતિઓથી ઉત્પાદન વિશે સવિસ્તર તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યુ.

પશુ વિજ્ઞાન કેન્દ્રના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. ગુણવંત એન. થોરાતએ નફાકારક અને રોજગારલક્ષી પશુપાલન વ્યવસાય ઓછી મૂડીથી શરૂ કરી શકાય છે જેથી શિક્ષિત બેરોજગારોની શહેરભણી દોટને તેમજ સામાજીક અને આર્થીક ઉન્નતી થકી ગરીબી નાબુદીમાં પશુપાલનનો વ્યવસાય અગત્યનો ફાળો ભજવશે એમ જણાવ્યુ. ડૉ. થોરાતે પશુપાલકોની આર્થીક પરિસ્થિતીમાં સુધારો કરવા સફળ પશુપાલકોની માહિતી આપી પશુપાલન વ્યવસાયનું અર્થકારણ સમજાવતા, ઓછી અને બીનખર્ચાળ પશુપાલનની વૈજ્ઞાનિક પદ્ધતીઓથી તાલીમાર્થીઓને માહિતગાર કર્યા.

તાલીમ કાર્યક્રમ દરમિયાન ડૉ. આર. એસ. ખાંટ, પશુચિકિત્સક અધિકારી(મોબાઇલ), કાળીડુંગરી, દે’બારીયાએ દાહોદ વિસ્તારના પશુપાલકો ઘર આંગણે મરઘાપાલન દ્વારા પોતાની સમૃદ્ધિ કેવી રીતે કરી શકાય તે બાબતે મરઘાપાલનના વિવિધ બાબતોથી અને ડૉ. કુમાર લોકેશ, પશુચિકિત્સક અધિકારી(મોબાઇલ), કાળીડુંગરી, દે’બારીયા પશુ સ્વાસ્થ, પશુઓમાં જોવા મળતા બાહ્ય અને અંત:પરોપજીવોથી થતા રોગો અને તેનું નિવારણ તેમજ પશુઓની પ્રજનન ક્ષમતા વધારવાના સુચનો પશુપાલકોને આપેલ.

શ્રી. બી. એમ. પટેલીયા (પશુધન નિરિક્ષક), પ્રા. પશુ સારવાર કેંદ્ર, સાગટાળા, દે’બારીયાએ પશુપાલનમાં કૃત્રીમ બીજદાણ અને તેના મહત્વ અને ફાયદાઓની તાલીમાર્થીઓને સમજણ આપી. સમગ્ર તાલીમ કાર્યક્રમ દરમિયાન. ડૉ. એ. વાય. મકાણી(રીસર્ચ એસોસીએટ), ટી.આર.ટી.સી., શ્રી. ડી. બી. રામજીયાણી (રીસર્ચ એસોસીએટ), ટી.આર.ટી.સી., ડૉ. એક્તા પંડ્યા (રીસર્ચ એસોસીએટ), ટી.આર.ટી.સી., શ્રી. જે. એમ. પટેલ, પીવીકે અને શ્રી. બી. જે. જયસ્વાલ, પશુ દવાખાનું, દે’બારીયા ઉપસ્થિત રહેલ હતા.

પશુ વિજ્ઞાન કેન્દ્ર(લીમખેડા), ટીઆરટીસી, આકૃયુ દેવગઢ બારીયા અને પશુપાલન શાખા, તાલુકા પંચાયત-દેવગઢ બારીયા દ્વારા પશુપાલકોને ઉપયોગી પશુ સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું.



## આદિજાતી વિસ્તાર પેટા યોજના-અંતર્ગત દાહોદના સૌજન્યથી પશુપાલન શાખા, તાલુકા પંચાયત-દેવગઢ બારીયા દ્વારા “રોજગારલક્ષી પશુપાલન અંગેની તાલીમ”

સ્થળ:આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આકૃયુ, દે’બારીયા તારીખ:૮/૦૧/૨૦૨૦






## તા. ૮.૦૧.૨૦૨૦ ના રોજ આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આકૃયુ, દે'બારીયા ખાતે આદિજાતી વિસ્તાર પેટા યોજના-અંતર્ગત દાહોદના સૌજન્યથી પશુપાલન શાખા, તાલુકા પંચાયત-દેવગઢ બારીયા દ્વારા "રોજગારલક્ષી પશુપાલન અંગેની તાલીમ" યોજાઇ









